# ગોધરા વિસ્તાર વિકાસ સત્તા મંડળ
# વિકાસ માટેની પરવાનગી
# (જુઓ નિયમ–૧૦) ફોર્મ –ડી

ગોધરા વિસ્તાર વિકાસ સત્તા મંડળ
નગર પાલિકા ગોધરા
ગોધરા

પરવાનગી નં. ૧૦
તા. ૧૧/૧૦/૨૦૧૭

પ્રતિ,

રોહીતકુમાર સુંદરલાલ લુહાણા વિગેરે,
ગોધરા.

તમારી બાંધકામ પરવાનગીની અરજી બાબતે મે.કલેકટર શ્રી ના પત્ર નં./વીપીજમન/વશી/૧૨૭૧/૨૦૧૭ અનુસંધાને ગોધરા વિસ્તાર વિકાસ સત્તા મંડળ તા.૧૧/૧૦/૨૦૧૭ ના અનુસંધાને તમારી પરવાનગી અરજી બાબતે સી.સ.નં.૪૩૬/બ/૨ અને ૪૩૬/બ/૩ ના ટોટલ પ્લોટ એરીયા ૫૮૭.૦૦ ચો.મીટરમાં બેઝમેન્ટ પાર્કીંગ-૪૯૦.૦૦ ચો.મી. ગ્રાઉન્ડ ફ્લોર-૨૭૯.૭૦ ચો.મી વાણીજ્ય હેતુ માટે ફસ્ટ ફલોર– ૩૪૮.૫૦ વાણીજ્ય હેતુ માટે ,સેકન્ડ ફલોર– ૪૧૬.૭૦ ચો.મી. રહેણાક હેતુ માટે, થર્ડ ફલોર– ૪૧૬.૭૦ ચો.મી. રહેણાક હેતુ માટેના બાંધકામ માટે મંજુર થયેલ પ્લાન મુજબ બાંધકામ ચાલુ કરવા તમોને નીચેની શરતોને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ (સન.૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ–૨૯(૧) (૧)/૨૯(૧) (૨)/૨૯(૧)(૩) અથવા ૪૯(૧)(બી) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

૧.સદર પરવાનગી એક વર્ષની મુદત માટે માન્ય રહેશે.

૨.નગરપાલિકા તરફથી આપશ્રીને જે જમીન ઉપર બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે તે જમીનની કાયદેસરની માંપણી સીટી સર્વે સુપ્રિ.શ્રી સીટી સર્વે કચેરી/ડી.આઈ.એલ.આર.શ્રી ગોધરા ધ્વારા કરાવી હદ નિશાન નકકી કરાવી બાંધકામ શરૂ કરાવવુ.

૩.ખાનગી તથા રેવન્યુ ખાતાની તકરારનુ જોખમ પરવાનગી માંગનારના શીરે રહેશે તથા આ પરવાનગીની અસર કોઈના ખાનગી હકકને થતી નથી.

૪.આ પરવાનગી મળ્યેથી સરકારશ્રીનો બીનખેતીનો ધારો તથા અન્ય ધારાની કલમો લેન્ડ રેવન્યુ કોડ મુજબ થાય તે પરવાનગી માંગનારને શીરે છે તે ભરવાની કાર્યવાહી કરવાની તમામ જવાબદારી પરવાનગીદારની ગણાશે.

૫.આ પરવાનગીથી મંજુર કરવામાં આવેલ નકશા મુજબના બાંધકામ અંગેનુ સ્ટકચરલ સેફટી (બાંધકામની સલામતી)ની સંપુર્ણ જવાબદારી આ પરવાનગી મેળવનારની તેમજ બાંધકામ કરતા કોન્ટ્રાકટર તથા જેતે એન્જીનીયર/આર્કિટેકની રહેશે.

૬.આ પરવાનગીથી મંજુર થયા મુજબના નકશા મુજબ બાંધકામ કરવાની જવાબદારી પરવાનગી મેળવનારની તેમજ રોકેલ એન્જીનીયર/આર્કિટેકની રહેશે.

(P.T.O)

Scanned by CamScanner

૭.મંજુર થયેલ પ્લાન મુજબ પ્લીન્થ લેવલે અને સ્લેબ લેવલે તેમજ કામ પુર્ણ થયા બાદ દરેક સ્ટેજ વાઈઝ રોકેલ એન્જીનીયર/આર્કિટેકના સહી થી પ્રમાણિત કરાવેલા નિયત નમુનામાં પ્રોગ્રેસ રીપોર્ટ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે આ પ્રમાણપત્ર પર રજાચિઠ્ઠી નંબર અને તારીખનો ઉલ્લેખ કરવાનો રહેશે.

૮.પરવાનગી મુજબનુ કામ પુરૂ થયા પછી સદર મકાનનો ઉપયોગ કરવા માટે બાંધકામ પુરૂ થયા બાબતનુ રોકેલ એન્જીનીયરના પ્રમાણપત્ર રજુ કર્યા બાદ ગોધરા વિસ્તાર વિકાસ સત્તા મંડળની મકાન વપરાશમાં લેવાની પરવાનગીલીધા બાદ મકાનનો ઉપયોગ કરવાનો રહેશે.

૯.મંજુર કરેલા પ્લાન સિવાય વધારાનુ બાંધકામ અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય કરી શકશે નહી.

૧૦. રસ્તા ઉપર પાલખ તેમજ માટી,રોડા,ઈંટો,કચરો વિગેરે તેમજ ઈમારતી સામાન આ વિભાગની પરવાનગી લીધા સિવાય મુકવા નહી યા નાખવા નહી અને અરજદારે પરવાનગી મેળવી હોય તો ઉપરના સામાનથી આવતા જતા વ્યકિતઓને તથા વાહન વ્યવહાર વિગેરેને કોઈ પણ જાતની હરકત થવી જોઈએ નહી.

૧૧.વરસાદી પાણીના સંગ્રહ માટે પરકોટીગ બોરવેલ બનાવવાનો રહેશે.

૧૨.નેવાના પાણી પરનાળ વાટે જમીન સુધી ઉતારવાની જવાબદારી પરવાનગી માંગનારના શિરે રહશે.

૧૩.તમારા મકાનના કંમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ ફરજીયાત કરવાનુ રહેશે.

૧૪. ફાયર સેકટીની વ્યવસ્થા રાખવાની જાવબદારી પરવાનગી માંગનારના શીરે રહેશે.

૧૫.આ પરવાનગી લાઈટ,પાણી,ગટર,રસ્તાઓ કે અન્ય કોઈ સગવડ આપવાની જવાબદારી સિવાય આપવામાં આવી છે તેમજ ઉપરોકત સગવડો નગરપાલિકાના નિતી નિયમની મર્યાદામાં રહી અનુકુળતાએ આપવા વિચારશે.

૧૬.ઘર વપરાશના પાણી નિકાલ માટે દપટ/ખાળકુવો બનાવવાનો રહેશે અને તેમાં પાણીનો નિકાલ કરવાનો રહેશે.

૧૭.વરસાદની સિઝનમાં વરસાદી પાણીનો નિકાલ કરવાની જવાબદારી પરવાનગી માંગનારના શીરે રહેશે.

11/10

**સભ્ય સચિવ**
**ગોધરા વિસ્તાર વિકાસ સત્તા મંડળ**
**અને**
**મુખ્ય અધિકારી**
**નગરપાલિકા,ગોધરા.**

**નકલ રવાના:–**

- **શ્રી મોહસીન એસ દોલા એન્જીનીયરશ્રી તરફ મંજુર થયેલ નકશા મુજબની કામગીરી ચાલુ કરવા તથા પ્લીન્થ, લીન્ટલ,સ્લેબ લેવલે તેમજ બાંધકામ પુર્ણ થયા બાદ નિયત નમુનામાં પ્રોગ્રેસ રીપોર્ટ આપવા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.**

Scanned by CamScanner